# દરિયાઈ બેગનું રહસ્ય

૧૯૧૨ માં ટાઈટાનીક નામની વિશાળકાય સ્ટીમર, બરફનાં ડુંગર સાથે અથડાઈ, અ
ને તેણે જળસમાધી લીધી. દરિયાને તળીએ થી તેનો કાળમાળ બહાર લાવવામાં
આવ્યો હતો, ત્યારે તેમાં એક ગ્લેડસ્ટોન ચામડાની બેગ મળી આવી હતી.
આ બેગ ખોલવામાં આવી ત્યારે તેમાંથી, ડોલર, અને કેનેડાનું નાણું, ઝવેરાત, મ
ળી આવ્યું. જે બધુ જુદા જુદા માણસોનું હતું. એમ માનવામાં આવે છે કે, એક મા
ણસે જ્યારે સ્ટીમર ડુબતી હતી, ત્યારે, રોકડ પૈસા અને ઘરેણાંની લૂંટ ચલાવી હ
તી.
આ બેગ સાચવી રાખી હતી, અને મળી આવેલી વસ્તુઓનાં પ્રદર્શનમાં મૂકી હતી.
સ્ટીમર જળસમાધી લઈરહી હતી, તેવી અંતિમ પળો માં, પેસેન્જરો બીકથી આમ
તેમ ઘોડતા હતા. ઘણાં પેસેન્જરો, કરોડ પતિ હતા, જ્યારે મોત તેમની નજરો આ
ગળ હતું, ત્યારે પોતાનું ધન, પૈસા બધુ જ લૂટી ગયા હતા. આ મોતનાં મુખમાંથી
બચવાં માટે તેઓ વિચારતા હતા. અને આ તક નો લાભ લઈને, એક પેસેન્જરે લૂ
ટ ચલાવી, જે મળયું તે ભેગું કરવા માંડયું. તેની ઓળખ મળી નથી. પણ તે વાત
એટલીજ સાચી છે કે, જે ૧૫૦૦ માણસો એ જળસમાધી લીધી, તેમની સાથે તે પ
ણ, આટલાન્ટીક મહા સાગરનાં ઊંડા ઊંડા પાણીમાં ડુબી મર્યો હતો.
આ વાત વાંચીને, ઈસુએ કહેલા શબ્દો યાદ આવે છે. ‘‘કેમ કે જે માણસ આખું જ
ગત મેળવે, ને પોતાના જીવની હાની પામે, તો તેને શો લાભ થાય?’’ (માર્ક ૮ઃ૩)
ટાઈટાનીક સ્ટીમરમાં પેલા માણસે જેમ બધું જ લૂંટવા માંડયું, તેમ જ આજે ઘણાં
લોકો જગત માં માત્ર ધન પ્રાપ્ત કરવા માંજ મશગુલ છે. તમે કહેશો કેવી મુર્ખ મ
ાણસ! શું ઈશ્વર મને મુર્ખ કહે છે? પહેલા માણસની જેમ જ આજે લોટરી મેળવવા
લાંબી કતારો લાગે છે. પાપ અને મૃત્યુ થી બચવા માટે તેઓ કશું કરતા નતિ. તે
મને ખબર નથી કે મરણ સમયે, ભૌતિકવાનાં, સાથે આવનાર નથી.
તમે પણ થોભો, વિચાર કરો, મારો અનંતકાળ હું કયાં વિતાવીશ?
પ્રભુ ઈસુ તારનાર છે. જીવંત છે. પસ્તાવો કરો અને ઈસુ ઉપર વિશ્વાસ કરો.
‘‘પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો અને તારણ પામો’’.

# Bag from ocean reveals a secret